રાષ્ટ્રીય સેવા યોજના યુનિટ ધરાવતી
યુનિવર્સિટી સંલગ્ન
સુરત શહેર ખાતે કાર્યરત કોલેજો દ્વારા

# સેવાકેન્દ્ર સર્વેક્ષણ

# ૨૦૨૨

# અનુક્રમણિકા



| ક્રમ | વિગત | પાનાં નંબર |
|---|---|---|
| ૧ | અખંડ આનંદ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, સુરત | ૦૭ |
| ૨ | નવયુગ આર્ટસ કોલેજ, સુરત | ૦૯ |
| ૩ | નવયુગ સાયન્સ કોલેજ, સુરત | ૧૧ |
| ૪ | નવયુગ કોમર્સ કોલેજ, સુરત | ૧૩ |
| ૫ | સર પી.ટી. સાર્વજનિક કોલેજ ઓફ સાયન્સ, સુરત | ૧૫ |
| ૬ | એસ.પી.બી. ઇંગ્લીશ મીડીયમ કોલેજ ઓફ કોમર્સ, સુરત | ૧૭ |
| ૭ | શ્રી જે. બી. ધારૂકાવાલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, સુરત | ૧૯ |
| ૮ | સર કે.પી. કોલેજ ઓફ કોમર્સ, સુરત | ૨૧ |
| ૯ | ઝેડ. એફ. વાડિયા વિમેન્સ કોલેજ, સુરત | ૨૩ |
| ૧૦ | શ્રી રામક્રિષ્ના ઇન્સ્ટીટયુટ ઓફ સાયન્સ, સુરત | ૨૫ |
| ૧૧ | જે.ઝેડ. શાહ આર્ટસ એન્ડ એચ.પી. દેસાઇ કોમર્સ કોલેજ, સુરત | ૨૭ |
| ૧૨ | એમ.ટી.બી. આર્ટસ કોલેજ, સુરત | ૨૮ |
| ૧૩ | આર્ટસ, કોમર્સ એન્ડ સાયન્સ કોલેજ, ખોલવડ | ૩૦ |
| ૧૪ | શેઠ સી.ડી. બરફીવાલા કોલેજ ઓફ કોમર્સ, સુરત | ૩૨ |




The vision of Veer Narmad South Gujarat University, as envisaged in the University Act, is to contribute to the field of higher education in the region and enable its inclusive development in all walks of life by making available trained personnel in various branches of human knowledge, keeping in mind the larger goals of nation-building. The University is committed to maintain high standards in both undergraduate and postgraduate teaching, promoting research and undertaking the requisite extension activities that would reach out to every section of society.

Veer Narmad South Gujarat University has endeavored to be an institution of excellence in higher education since its existence, keeping in view the regional needs and the emerging trends in the global scenario. A semi-urban University located at Surat city, the University has a campus spread over 210 acres. The University, re-accredited 'A' grade with 3.02 CGPA by the National Accreditation and Assessment Council in 2017, is also accredited with 'B++' grade with 2.90 CGPA under Academic and Administrative Audit (AAA) by Knowledge Consortium of Gujarat, Education Department, Government of Gujarat in 2016. The university was originally established under the South Gujarat Universiy Act, 1965 passed by the Gujarat State Legislative Assembly. It became functional from the academic year of 1966 and was incorporated as a University on 23 May, 1967. Recognized by the University Grants Commission in 1968, it was renamed as Veer Narmad South Gujarat University in 2004 after the great Gujarati poet Narmad, Narmadshankar Lalshankar Dave. The mandate of the University is to meet the developmental needs of the seven districts and two Union Territory in the region and attempts at realizing their potential in every walk of life ranging from technology, business, industry and commerce to language, culture, and fine arts.




**ડૉ. કિશોરસિંહ ચાવડા**
માન.કુલપતિશ્રી,
વી.ન.દ.ગુ.યુનિ, સુરત

દેશમા જયારે જયારે અતિવૃષ્ટિ કે અનાવૃષ્ટિની આફત આવે, વાવાઝોડું કે સુનામી આવે, ધરતીકંપ કે મહામારી જેવી આફત આવે ત્યારે એન.એસ.એસ. દેશના ખુણે ખુણે ફેલાયેલા એન.એસ.એસ. ના સ્વયંસેવકો રાષ્ટ્ર અને સમાજ સેવા માટે તૈયાર રહે છે. ભારત સરકાર કે રાજય સરકાર જયારે કોઇ યોજનાની અમલ કરવાની હોય ત્યારે એન.એસ.એસ. ને જવાબદારી સોંપે છે. કલેકટર હોય કે મામલતદાર, પોલીસ કમિશ્નર હોય કે મ્યુનિ. કમિશ્નર, શિક્ષણ મંત્રાલય હોય કે આરોગ્ય મંત્રાલય, યુનિવર્સિટી હોય કે એન.જી.ઓ. એન.એસ.એસ. ના માધ્યમથી એમનાં વિવિધ અભિયાન સફળ બનાવવા પ્રયત્ન કરે છે. કોલેજ કક્ષાએ અભ્યાસ કરતો યુવા વર્ગ અભ્યાસ સાથે સ્વ વિકાસ સાથે સમાજ અને રાષ્ટ્ર નિર્માણમાં યોગદાન આપે એવા આશયથી કેન્દ્ર સરકારના સીધા માર્ગદર્શન હેઠળ સમગ્ર દેશમાં એન.એસ.એસ. ની પ્રવૃતિઓ ચાલે છે.

ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કોરોના સામેની લડાઇ માટે સમગ્ર દેશને રાષ્ટ્રજોગ સંદેશ આપતા ભાષણમાં એન.એસ.એસ. વોલંટીયર્સને પણ કોરોના વોરીયર્સ બનાવાની અપીલ કરતાં દરેક રાજયમાં એન.એસ.એસ.ના હજારો વોલંટીયર્સ સેવાકાર્યમાં જોડાઇ સમાજ અને રાષ્ટ્રધર્મ નિભાવી રહ્યા છે.




**ડૉ. રમેશદાન ગઢવી**
કુલસચિવશ્રી,
વી.ન.દ.ગુ.યુનિ, સુરત

N.S.S. યુનિટ દ્વારા સપ્ત દિવસિય કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જેમાં પ્રાતઃકર્મ, પ્રભાતફેરી, યોગાસન, પ્રાણાયામ, શેરી સફાઈ, શૈક્ષણિક જાગૃતિ, ગ્રામ સંપર્ક, સ્થાનિક સ્થળની મુલાકાત, રમણીય સ્થળની મુલાકાત, ભ્રષ્ટાચારનો પ્રભાવ જેવા નાટક, વૈજ્ઞાનિક વિચાર પ્રચાર, ગ્રામ સભા અને પ્રાર્થના સંધ્યા વગેરે જેવી પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. તદુપરાંત રાત્રી કાર્યક્રમ, પ્રૌઢ શિક્ષણ, પ્રાથમિક શાળાની મુલાકાત, રાસ-ગરબા, બોધ નાટક, ડાયરો, ભજન મંડળીની જમાવટ તથા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ દ્વારા ગ્રામ્ય જાગૃતિ લાવવાના સઘન પ્રયાસો થાય છે.



**શ્રી પ્રકાશચંદ્ર**
**પ્રોગ્રામ કો-ઓર્ડિનેટર,રાષ્ટ્રીય સેવા યોજના,**
**વી.ન.દ.ગુ.યુનિ, સુરત**

સમગ્ર વિશ્વમાં આપણા રાષ્ટ્રને અન્ય રાષ્ટ્રોની હરોળમાં વિશિષ્ટ રાષ્ટ્ર બનાવવું હોય તો સાંસ્કૃતિક, શૈક્ષણિક અને આર્થિક ક્ષેત્રની ગતિ તથા અન્ય વૈવિધ્ય ઉપાંગોથી વિશિષ્ટ પ્રતિભા ઊભી કરવી આવશ્યક બને. નવ યુવાનો દ્વારા આ પ્રકારનું વૈચારીક પગલું ભરવામાં આવે તો જ આપણા દેશને વિશિષ્ટ અને વૈવિધ્ય સભર રાષ્ટ્ર બનાવી અન્ય રાષ્ટ્રોની કક્ષામાં પ્રગતિમય બનાવી શકીએ. માત્રને માત્ર પોપટીયું જ્ઞાન કે ચાર દિવાલોમાં ચાલતા શિક્ષણને મહત્વ ન આપતાં આપણો ઉદ્દેશ્ય પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ અને પ્રવૃત્તિ શિક્ષણ દ્વારા વિદ્યાર્થી સર્વાંગી વિકાસમાં જ રહેલો છે.

કોલેજોમાં ચાલતી વિશિષ્ટ પ્રવૃત્તિઓમાં ઉડીને આંખે વળગે એવી રાષ્ટ્રીય પ્રવૃતિ એટલે રાષ્ટ્રીય સેવા યોજના (N.S.S.). રાષ્ટ્રીય સ્તરે પાંગરેલી કેટકેટલીયે પ્રવૃત્તિઓમાં “स्वयं से पहले आप આ સૂત્ર સાથે કાર્યરત N.S.S. નું સ્થાન નજર અંદાજ ન કરી શકાય. N.S.S. નું દર્શન સમગ્ર વર્ષ દરમ્યાન નિયમિત અને ખાસ શિબિરની પ્રવૃત્તિના માધ્યમથી થાય છે. જેમકે, પર્યાવરણ માટે વિકાસ અને સુરક્ષા, શ્રમ કાર્ય, ધાર્મિક કાર્ય, સામાજિક કાર્ય, સર્જનાત્મક પ્રવૃત્તિ, સાંસ્કૃતિક પ્રવૃત્તિ, ખેલકૂદ જેવી નિયમિત પ્રવૃતિઓ N.S.S. ની ઓળખ આપે છે. આ પ્રવૃત્તિ દ્વારા તેજસ્વીતા, સર્જનાત્મકતા, તત્પરતા અને તન્મયતા પેદા કરી વિદ્યાર્થીને સુસંસ્કૃત નાગરિક બનાવવા પ્રયત્ન થાય છે. વિદ્યાર્થી એના જીવનમાં સેવા, બલિદાન અને રાષ્ટ્ર ભાવના વિકસિત કરે એ ધ્યેય N.S.S.નું હાર્દ છે.

## સેવાકેન્દ્ર (સ્લમ એરિયા ) સર્વેક્ષણ-૨૦૨૨

આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીનાં ભાગરૂપે વી.ન.દ.ગુ.યુનિ, સુરત અંતર્ગત અને એન.એસ.એસ. સંલગ્ન સુરત શહેરમાં આવેલ કોલેજો રાષ્ટ્રીય સેવા યોજના કચેરી, વી.ન.દ.ગુ.યુનિ, સુરત દ્વારા ફાળવેલ સ્લમ એરિયામાં “સેવાકેન્દ્ર” ની શરૂઆત કરી વસવાટ કરતા તમામ લોકોની આર્થિક અને સામાજિક પરિસ્થિતિઓનો સર્વે કરવાનું નક્કી કરવામાં આવેલ હતું. નીચે મુજબની કોલેજોના સ્વયંસેવક/સેવિકાઓ સ્લમ એરિયામાં જઈ ઓનલાઈન ગૂગલ ફોર્મ ભરી સર્વે કર્યો હતો. આ સર્વે ૭ દિવસ કરવામાં આવેલ હતો. સર્વે કર્યા બાદ તમામ માહિતીનું વિશ્લેષણ કરીને મળવાપાત્ર તમામ લાભ અને સરકારી યોજનાઓ તેમના સુધી પહોંચાડવાના તમામ પ્રયાસો એન.એસ.એસ. વિભાગ દ્વારા કરવામાં આવેલ હતા.

| ક્રમ | કોલેજનું નામ |
|---|---|
| ૧ | અખંડ આનંદ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, સુરત |
| ૨ | નવયુગ આર્ટસ કોલેજ, સુરત |
| ૩ | નવયુગ સાયન્સ કોલેજ, સુરત |
| ૪ | નવયુગ કોમર્સ કોલેજ, સુરત |
| ૫ | સર પી.ટી. સાર્વજનિક કોલેજ ઓફ સાયન્સ, સુરત |
| ૬ | એસ.પી.બી. ઈંગ્લીશ મીડીયમ કોલેજ ઓફ કોમર્સ, સુરત |
| ૭ | શ્રી જે. બી. ધારૂકાવાલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, સુરત |
| ૮ | સર કે.પી. કોલેજ ઓફ કોમર્સ, સુરત |
| ૯ | ઝેડ. એફ. વાડિયા વિમેન્સ કોલેજ, સુરત |
| ૧૦ | શ્રી રામક્રિષ્ના ઇન્સ્ટીટયુટ ઓફ સાયન્સ, સુરત |
| ૧૧ | જે.ઝેડ. શાહ આર્ટસ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજ, સુરત |
| ૧૨ | એમ.ટી.બી. આર્ટસ કોલેજ, સુરત |
| ૧૩ | આર્ટસ, કોમર્સ એન્ડ સાયન્સ કોલેજ, ખોલવડ |
| ૧૪ | શેઠ સી.ડી. બરફીવાલા કોલેજ ઓફ કોમર્સ, સુરત |

“ सेवा है यज्ञकुन्ड़ समिधा सम हम जले ।
ध्येय महासागर में सरित रूप हम मिले । ”

## અખંડ આનંદ આર્ટસ & કોમર્સ કોલેજ, સુરત

અખંડ આનંદ આર્ટસ & કોમર્સ કોલેજ, સુરતનાં એન.એસ.એસ. વિભાગ દ્વારા તા.૧૭/૦૭/૨૦૨૨ થી તા.૨૪/૦૧/૨૦૨૨ કુલ સાત દિવસ (રવિવાર સિવાય) માટે વાર્ષિક શિબિરનું આયોજન કર્યું હતું. યુનિવર્સીટીના આદેશ પ્રમાણે સુરત શહેર માટે આ વર્ષે સાત દિવસનાં શિબિરનું આયોજન સ્લમ એરિયાના સામુહિક સર્વે માટે કરવામાં આવ્યું હતું.એ પ્રમાણે આપણી કોલેજ સ્લમ એરિયાની સર્વેની કામગીરી સોંપવામાં આવી હતી. આ ઝોનમાં કુલ ૨૨ જેટલા સ્લમ વિસ્તારો ફાળવેલાં હતા.જેમાંથી N.S.S. નાં સ્વયંસેવકોએ ૨૧ જેટલા સ્લમ વિસ્તારોની મુલાકાત લીધી હતી અને ૬૯૨ જેટલા ઘરોનો સર્વે કર્યો હતો.

સ્લમ વિસ્તારનાં સર્વેની કામગીરી તા.૧૭/૦૧/૨૦૨૨ ના રોજથી શરૂ કરવમાં આવી હતી.જેમાં ૭૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને કુલ સાત દિવસ સુધી સર્વે કામગીરી જુદા-જુદા વિસ્તારમાં કરવમાં આવી હતી. જેવા કે,ડભોલી-હળપતિ વાસ,આનદ નગર, વણઝારા વાસ,મોટી-નાયકવાડ,હીરજન વાસ, આંબા તલાવડી-૧,૨, ફૂલવાડા-શાંતિનગર,ખાડી મહોલ્લો,જનતા નગર,નહેરુ નગર,કતારગામ-કિસ્મત કોલોની,મીલીન્દ નગર,ઇન્દિરાનગર,લખીનો ટેકરો,બોમ્બે રેલ રાહત કોલોની,ગોટલાવાડી, સિંગણપોર-કૃષ્ણા નગર,અગિયારી છાપરી,ગાંધીનગર ના વિસ્તારોમાં સર્વેની કામગીરી કરી હતી.સ્વયંસેવકોએ ટીમવર્કમાં કામગીરી કરી હતી અને સમયસર સર્વે ની કામગીરી પૂર્ણ કરી હતી. આ સાથે સર્વે ની કામગીરી ની મહિતી,ફોટોગ્રાફ્સ અને એન.એસ.એસ. માં જોડાયેલા સ્વયંસેવકોની યાદી સામેલ કરેલ છે.

શ્રમ શિબિર અંતર્ગત સ્લમ વિસ્તારની સર્વે કામગીરી માટે તા.૧૭/૦૧/૨૦૨૨ ને સોમવારના રોજ સ્વયંસેવકોને કાર્ય વહેચણી તેમજ ટીમ વર્ક દ્વારા સર્વેના વિસ્તારની ફાળવણી કરી સર્વે કેવી રીતે કરવો તે અંગેનું વિસ્તૃત માર્ગદર્શન આપવમાં આવ્યું હતું. જે સંદર્ભે દરેક ટીમ માંથી બે વિદ્યાર્થી અને બે વિદ્યાર્થીનીએ સ્થળ વિસ્તારની મુલાકાત લીધી હતી,ત્યારબાદ તા.૧૮/૦૧/૨૦૨૨ ને મંગળવાર સવારે ૮.૦૦ કલાકથી ટીમ સર્વેની કામગીરી શરૂ કરી દીધી હતી.











## અખંડ આનંદ આર્ટસ & કોમર્સ કોલેજ, સુરત

તા.૧૮/૦૧/૨૦૨૨, મંગળવારે સવારે ૮.૦૦ કલાકે નક્કી કરેલી ટીમ સર્વેની કામગીરી માટે રવાના કરવામાં આવી હતી. જેમાં સર્વે ના પ્રથમ દિવસે આંબા તલાવડી-૧,૨ ડભોલી,ફૂલવાડા,સીંગણપોર ખાતે સર્વેની કામગીરી કરવામાં આવી હતી.જેના ઉપરોક્ત વિસ્તારના સ્લમ વિસ્તારમાંથી ૧૬૫ જેટલા ઘરનો સર્વે કરવમાં આવ્યો હતો. સર્વેની કામગીરી દરમિયાન NSS નાં સ્વયંસેવકો માટે નાસ્તાની વ્યવસ્થા કરવમાં આવી હતી.

તા.૧૯/૦૧/૨૦૨૨ બુધવારે કતારગામ વિસ્તાર , મોટી વેડ,નેહરુ નગર, શાહી નગર, પાલાવાળી જગ્યા, સિંગણપોર, ગાંધીનગર જનતા નગર વિસ્તારમાં સર્વે ની કામગીરી કરવામાં આવી હતી. જેમાં કુલ ૧૪૮ જેટલા સ્લમ વિસ્તારના સ્વયંસેવકો માટે નાસ્તાની વ્યવસ્થા કરવમાં આવી હતી.

તા.૨૦/૦૧/૨૦૨૨ ગુરુવારે ૭.૩૦ કલાકે સર્વે માટે હળપતિ વાસ( ૦૦૨), હળપતિ વાસ( ૦૦૩), વણઝારા વાસ, શાંતિનગર, ખાડી મોહલ્લો-ફુલપાડા, મિલિન્દ નગર,ઇન્દિરા નગર, કૃષ્ણા નગર,અગિયારી છાપરી ખાતે સર્વે ની બીજા રાઉન્ડ ની કામગીરી કરવા માં આવી હતી. જેમાં ઉપરોક્ત વિસ્તારમાંથી ૧૫૦ ફોર્મ NSS ના સ્વયંસેવકો દ્વારા ભરવામાં આવ્યા હતા. શિબિર ના ચોથા દિવસે નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી.

તા.૨૧/૦૧/૨૦૨૨ ને શુક્રવારના રોજ સર્વે ના તમામ સ્લમ વિસ્તારમાં NSS ના સ્વયંસેવકોએ સવારે ૭.૩૦ કલાકથી સર્વે કામગીરી ની શરૂઆત કરી દીધી હતી. જેમાં વણઝારા વાસ, ખાડી મોહલ્લો, મિલિન્દ નગર, મેઘવાડ-રેલ રાહત કોલોની, મોટી વેડ-નાયકવાડ, હરીજનવાસ, યોગી નગર વિસ્તારની મુલાકાત લઇ સર્વેની કામગીરી કરવામાં આવી હતી. NSS નાં સ્વયંસેવકો માટે નાસ્તાની વ્યવસ્થા કરવમાં આવી હતી.

તા.૨૨/૦૧/૨૦૨૨ ને શનિવારે સર્વે માટે ૭:૩૦ કલાકે નક્કી કરેલ ટીમ મુજબ સર્વેની કામગીરી માટે આંબા તલાવડી-૧,૨, ડભોલી, ગોટાલાવાડી, મોટી વેડ ખાતે સ્લમ વિસ્તારના ૮૦ રહેવાસીનો સર્વે કરવામાં આવ્યો હતો. સર્વેની કામગીરી ૧:૦૦ કલાકે પૂર્ણ કરવવામાં આવી હતી.

તા. ૨૪/૦૧/૨૦૨૨ ને સોમવારે બાકી રહેલી સર્વેની કામગીરી ૭:૩૦ કલાક થી ૧૧:૦૦ કલાક સુધી પૂર્ણ કરવામાં આવી હતી. જેમાં કુલ ૬૧ સ્લમ વિસ્તારના ઘરો નો સર્વે કરવામાં આવ્યો હતો. ૧૧:૩૦ કલાકે સર્વેની કામગીરીના ફોર્મ NSS સ્વયંસેવકો દ્વારા NSS પ્રોગ્રામ ઓફિસરને જમા કરાવવામાં આવ્યા હતા અને કોલેજ ખાતે NSS ના નાં સ્વયંસેવકો માટે જમવાની વ્યવસ્થા કરવમાં આવી હતી. બપોરે ૩.૩૦ કલાકે મીટીંગ પૂર્ણ કર્યા બાદ NSS નાં સ્વયંસેવકો છુટા પડ્યા હતા.
વાર્ષિક શિબિર અંતર્ગત સર્વેની કામગીરી પૂર્ણ થયા બાદ તા.૦૧/૦૨/૨૦૨૨ સુક્રવારના રોજથી યુનીવર્સીટી NSS વિભાગમાંથી આપવામાં આવેલા સેવા કેન્દ્ર સર્વે પત્ર GOOGLE FORM માં સર્વેની માહિતી ઓનલાઇન NSS ના સ્વયંસેવકો દ્વારા ભરવાની કામગીરી શરૂ કરવામાં આવી.







## નવયુગ આર્ટસ કોલેજ, સુરત

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનીવર્સીટી સુરતના રાષ્ટ્રીય સેવા યોજના વિભાગના માર્ગદર્શન મુજબ પ્રતિવર્ષ પ્રત્યેક સંલગ્ન કોલેજના **N.S.S.** વિભાગના સ્વયંસેવકોને શિક્ષણની સાથે સમાજસેવા દ્વારા વ્યવહારિક અનુભવ અર્થે ય ગ્રામ્ય વિસ્તારમાં સપ્ત દિવસીય વાર્ષિક શિબિરનું આયોજન કરવામાં આવતું હોય છે, પરંતુ સાંપ્રત સમયમાં સમગ્ર વિશ્વમાં વ્યાપેલી મહામારી ને કેન્દ્ર માં રાખીને યુનીવર્સીટીના માનનીય કુલ્પતીશ્રીના સીધા માર્ગદર્શન અને આહવાન હેઠળ સુરત શહેરની સામાજિક સંસ્થા સેવા સંસ્થા તથા **N.S.S.** વિભાગ સાથે સંકલન કરી શહેરી વિસ્તારની કોલેજોના સ્વયંસેવકો દ્વારા શહેરી ઝુંપડપટ્ટીના નાગરિકોનો આર્થિક, સામાજિક, અને ભૌતિક સમસ્યા ચિત્ર સ્પષ્ટ કરવા સર્વે કરવાનું ઠરાવવામાં આવ્યું હતું., જેનો અહેવાલ નીચે મુજબ પ્રસ્તુત છે.

તા.૧૪/૦૨/૨૦૨૨ ના રોજથી નવયુગ આર્ટસ કોલેજને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનીવર્સીટી દ્વારા ફળવાયેલી ઝુંપડપટ્ટીનો આર્થિક સામાજિક સર્વેનો પ્રારંભ થયો.













# નવયુગ આર્ટસ કોલેજ, સુરત

તા.૧૪/૦૨/૨૦૨૨ ના સોમવારે સવારે ૮.૦૦ કલાકે કોલેજ કેમ્પસ માં સ્વયંસેવક ભાઈઓ **૫૨** અને બહેનો ૨૯ હાજરી લઈને સર્વે માટેની ટીમો તૈયાર કરવામાં આવી. આજના દિવસે **૫૩** અને બહેનો ૨૯ દ્વારા સુરત મહાનગરપાલિકાના પશ્ચિમ ઝોન ગોરાટ, રાંદેર વિસ્તાર સ્લમ કોડ નં**-૦૦૪** હિતેન્દ્રનગર, હનુમાન ટેકરી, યુ.સી.ડી. ની કેન્દ્રની નજીક રાંદેર તથા સ્લમ કોડ નં**-૦૦૫** ગોલવાડ(ગોયાલવાડ) હનુમાન ટેકરીની નજીકના ઝુંપડાવાસીઓનો સર્વે સ્વયંસેવકો દ્વારા હાથ ધરવામાં આવ્યો, જયાં  ઉત્તરદાતાઓનો ખુબ સારો પ્રતિભાવ સાંપડ્યો હતો તેમજ સ્વયંસેવકોને પણ સારો પ્રત્યક્ષ અનુભવ થવાથી આનંદ અને ઉત્સાહભેર કામગીરીનો પ્રારંભ કર્યો હતો. બીજી તરફ અમારી કોલેજને સુરત મહાનગરપાલિકાનો દક્ષિણ પૂર્વ ઝોન લીંબાયત વિસ્તારના સલામ વિસ્તારને સર્વે માટે સોપવામાં આવ્યો હતો., જે અમારી ઝોન લીંબાયત વિસ્તારમાંથી કોલેજમાં અભ્યાસ કરતા વિધાર્થીઓની ટીમ અલગ તૈયાર કરીને તેની જવાબદારી સોપવામાં આવી તે પૈકી તા ૧૪/૦૨/૨૦૨૨  ના રોજ લીમ્બયાતના ઝોનની કાદરી **L૦૪૩** ગલી નં ૨ થી ૫ ફૂલવાડીના સર્વે માટે ગયેલા વિધાર્થીઓ પાસે યુનીવર્સીટીનો સર્વ માટેનો સત્તાવાર પરિપત્ર માંગવો, અહી પુછપરછ ન કરવી વગેરેનો પ્રતિકાર કરવા પડ્યો અને સહકાર ન આપીને અપમાનિત સ્થિતિ માં સવ્યમ્સેવ્કો મુકાયા હતા, જેને ધ્યાનમાં રાખી પ્રોગ્રામ ઓફિસર તરીકે સાદર ઘટનાની યુનીવર્સીટી સત્તાધીશોને અવગત કરવામાં આવ્યા અને તેમને સર્વે કરતા સ્વયંસેવકોને પોલીસ રક્ષણ આપીને સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી.

તા. ૧૫/૦૨/૨૦૨૨ ના રોજ સવારે કોલેજ કેમ્પસમાં સ્વયંસેવકોને એકત્ર કરીને સુરત મહાનાગરપાલિકાના પશ્ચિમ ઝો, ગોરાટ, રાંદેરનો હળપતિવાસ પેટ્રોલપંપની બાજુમાં જહાંગીરપુરા,**R૦૦૨** ની સર્વેની કામગીરી માટે ઉપસ્થિત થયા જ્યાં ઝુંપડપટ્ટીના નાગરિકોને સર્વેનો સામાન્ય પરિચય આપીને માહિતી મેળવવામાં આવી જેમાં સારા નરસા પ્રતિભાવો, અનુભવો, સ્વયંસેવકોને સાંપડ્યા હતા.



## નવયુગ સાયન્સ કોલેજ, સુરત

વર્ષ ૨૦૨૧-૨૨ તા-૩૦-૦૨-૨૦૨૨ થી તા-૦૯-૦૨-૨૦૨૨ દરમિયાન રાષ્ટ્રીય સેવા યોજના નો વાર્ષિક શિબિર સુરત શેહર ની “ સેવા વસ્તી સર્વે “ (slums survey) ના રૂપે થયો. જેમાં નવયુગ સાયન્સ કોલેજ, સુરત ના **૫૨ સ્વયંસેવકો** ૦૭(સાત) દિવસ માટે સહભાગી થયા. યુનિવર્સીટી એનએસએસ વિભાગ દ્વારા સૂચિત કરાયેલ બધીજ સેવા વસ્તી નું કાર્ય કોલેજના એનએસએસના સ્વયંસેવકોએ પુરા ઉત્સાહ સાથે પૂર્ણ કર્યું હતું.














## નવયુગ સાયન્સ કોલેજ, સુરત













## નવયુગ કોમર્સ કોલેજ, સુરત

નવયુગ કોમેર્સ કોલેજ, એન.એસ.એસ. યુનિટ દ્વારા તા.૨૩/૦૨/૨૦૨૨ થી તા. ૦૨/૦૩/૨૦૨૨ દરમિયાન ખાસ શિબિર અંતર્ગત વસ્તી સર્વેક્ષણ (સ્લમ સર્વે) ની કામગીરી કરવમાં આવી હતી. જેમાં ૫૧ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.કોલેજને સેન્ટ્રલ અને ઉધના ઝોન ના કુલ ૧૯ સ્લમ વિસ્તાર ફાળવવામાં આવેલ હતા. દરેક વિદ્યાર્થીઓએ ટીમ બનાવી અલગ અલગ ઘરો માં જઈ મોબાઈલ દ્વારા પ્રશ્નવલી ભરવી હતી. તેઓને આ દિવસો દરમિયાન દરેક વર્ગ ના લોકો સાથે વાતચીત કરતા, સંવેદના પૂર્ણ વ્યવહાર કરતા અને શિસ્તમય કામ કરતા શીખવા મળ્યું હતું. વિદ્યાર્થીઓમાં કમ્યુનિકેશન સ્કિલ અને ટીમ વર્ક જેવા ગુણો પણ વિકસતા જોવા મળ્યા હતા. સેન્ટ્રલ ઝોન માં હબીબશા મોહલ્લો (સ્લમ કોડ-C૦૧૦) અને બોમ્બે રેલ રાહત કોલોની (સ્લમ કોડ-C૦૧૨) માં અણબનાવ બનતા તથા રહીશોના વિરોધના કારણે સર્વે કામગીરી થઇ શકી ન હતી.









## નવયુગ કોમર્સ કોલેજ, સુરત









## સર પી.ટી. સાર્વજનિક કોલેજ ઓફ સાયન્સ, સુરત

ઝુંપડપટ્ટી (સેવાવસ્તી) માં વસવાટ કરતા લોકો વર્ષોથી અનેક પ્રકારની સમસ્યાઓનો ભોગ બની રહ્યા છે. આપણા સમાજનો એક ભાગ ઘણી અછત અને મુશ્કેલીઓ સાથે સંઘર્ષ કરી રહ્યો છે. આવા લોકોની સમસ્યાઓને જાણવા, સમજવા તથા આવા વિસ્તારના બાળકોના શિક્ષણ, સ્વાસ્થ્ય તેમજ પોષણ અંગેની જાણકારી મેળવવા તથા લોકોની સામાજિક તથા આર્થિક સ્થિતિ ને રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયંસેવકો પ્રત્યક્ષ રીતે સમજવાનો પ્રયત્ન કરે એ હેતુસર શહેરની કેટલીક ઝુંપડપટ્ટીઓને ખાસ શિબિર માટે દત્તક લેવાનો નિર્ણય રાષ્ટ્રીય સેવા યોજના, વી.એન.એસ.જી.યુ., સુરત દ્વારા લેવામાં આવ્યો હતો.

રાષ્ટ્રીય સેવા યોજના, વી.એન.એસ.જી.યુ., સુરત દ્વારા અમારી કોલેજને આઝાદનગર અલથાણ, બત્રીશી મોહલ્લો અલથાણ રોડ, ઝુંડીયાકુઆ ઝુંપડપટ્ટી આંજણા, આંબેડકર નગર આંજણા, રઝાનગર ઉમરપાડા ભાઠેના, જવાહરનગર ઉમરવાડા, સલીમનગર ઉમરવાડા  તથા ચીમની ટેકરા ઉમરવાડા એમ કુલ નવ વિસ્તાર ફાળવવામા આવ્યા હતાં કે જેમાં તા.૧૭/૦૨/૨૦૨૨ થી ૨૩/૦૨/૨૦૨૨ દરમિયાન પ્રત્યક્ષ રીતે સફળ કામગીરી કરવામાં આવી હતી. ફાળવાયેલા વિસ્તારના લોકોને મળી, તેમની સાથે સંવાદ કરી સ્થળ પરથીજ તમામ વિગતો ઓનલાઈન ફોર્મમાં ભરીને એન.એસ.એસ. વી.એન.એસ.જી.યુ. ને જમા કરાવવામાં આવી હતી. સ્વયંસેવકોએ જે તે વિસ્તારના લોકોનાં ધર્મ, શિક્ષણ, આર્થિકસ્થિતિ, વાર-તહેવારની ઉજવણી, સરકારી સહાયની ઉપલબ્ધતા અંગેની માહિતી એકઠી કરી હતી. સાત દિવસની પ્રવુતિ દરમિયાન કેટલાક ખાટા તો કેટલાક મીઠા અનુભવો પણ થયા. સ્વયંસેવકોએ અનુભવોને પણ સંઘર્ષ સ્વીકાર્ય અને પ્રવુત્તિને વળગી રહ્યા એ ખરેખર પ્રશંશનીય બાબત રહી.







## સર પી.ટી. સાર્વજનિક કોલેજ ઓફ સાયન્સ, સુરત

ખાસ શિબિરની આ પ્રવુતિમાં પ્રોગ્રામ ઓફિસર્સ ડો. જયબેન પટેલ, ડો. એચ. બી. ગજ્જર તથા પ્રો.એન.ડી.પટેલની આગેવાનીમાં કુલ ૦૯ ટુકડીઓ તૈયાર કરી કામગીરી કરવામાં આવી. સ્વયંસેવકોએ કુલ ૧૩૭૪ જેટલા ઘરનો સંપર્ક કરીને વિગતો મેળવી. સમગ્ર પ્રવુતિ દરમિયાન પ્રોગ્રામ ઓફિસર્સે સ્વયંસેવકોને સતત માર્ગદર્શન તથા હિંમત આપીને પ્રોત્સાહિત કર્યા હતા. શિબિર દરમિયાન કેટલીક વિપરીત પરિસ્થિતિમાં આચાર્ય ડો. પી.આર.દેસાઈ સાહેબનું માર્ગદર્શન પ્રોત્સાહક રહ્યું.

એકંદરે ખાસ શિબિરમાં સ્વયંસેવકોએ ખુબ ઉત્સાહભેર અને ખંત પૂર્વક ભાગ લઇ ઝુંપડપટ્ટી માં વસતા લોકોને જાણવાનો તેમજ સમજવાનો પ્રયત્ન કર્યો. આ શિબિર ચોક્કાસજ એમના જીવનનો એક અવિસ્મરણીય ભાગ અણી રહેશે તથા એક જવાબદાર નાગરિક બનવામાં પ્રેરકબળ પૂરું પાડશે એવી અભ્યર્થના.









# એસ.પી.બી. ઇંગ્લીશ મીડીયમ કોમર્સ કોલેજ, સુરત

The nss unit of our college started with the “seva kendra survey” Karya on 12/2/2022 and complelted on 3/3/2022. We have surveyed the following allotted slum areas of gopitalav, salabatpura, sagrampura and begampura.

**1. C001 akbar shahid no tekro 1, gopitalav**
**2. C003 halimshsh no tekro kotsafil road, gopitalav**
**3. 0004 kotsafil road, opp. Madani gopitalav**
**4. C036 lalwadi harjanwas ,sagrampura**
**5. Ca1 near rupam cinema,salabatpura**
**5. Ca2 salabatpura machiwad**
**6. Ca3 vaswada no. po1 near madina masjid, salabatpura**
**7. Ca4 near suraj cinema,begampura falsawadi.**

Videos and photographs of the respective areas were attached on respective day of survey in the seva karya whatsapp group. The overall experience at the end of the survey was very good. The student who started the survey with fear to enter the place and hesitation to ask questions on first day of survey, were extremely confident and fearless in the last two days of survey.
The observed few things about the children and families residing in the allotted slum areas. The people over their do not have enough food to eat,clothes to wear and anyone to care about them. They try their best to make their living. Poor children were happy to play with friends and families. They cherish everyopportunity to study and earn extra money to help their poor families. what was worse, some children do not have a chance to go to school. Some poor children have to drop out of school to earn money to support their families. Due to Covid-19 and other diseases, few have lost their loved ones.
After seeing the hardship and the way of life these poor people live all NSS volunteers thanked god for giving them such a beautiful life. We, thank you sir for giving us this opportunity to serve our society.







## એસ.પી.બી. ઇંગ્લીશ મીડીયમ કોમર્સ કોલેજ, સુરત

Videos and photographs of the respective areas were attached on respective day of survey in the seva karya whatsapp group. The overall experience at the end of the survey was very good. The student who started the survey with fear to enter the place and hesitation to ask questions on first day of survey, were extremely confident and fearless in the last two days of survey.

The observed few things about the children and families residing in the allotted slum areas. The people over their do not have enough food to eat,clothes to wear and anyone to care about them. They try their best to make their living. Poor children were happy to play with friends and families. They cherish everyopportunity to study and earn extra money to help their poor families. what was worse, some children do not have a chance to go to school. Some poor children have to drop out of school to earn money to support their families. Due to

Covid-19 and other diseases, few have lost their loved ones. After seeing the hardship and the way of life these poor people live all NSS volunteers thanked god for giving them such a beautiful life. We, thank you sir for giving us this opportunity to serve our society.





# શ્રી જે.બી.ધારૂકાવાળા મહિલા આર્ટસ કોલેજ બી.કોમ. ઇંગ્લીશ મીડીયમ કોલેજ

શ્રી જે.બી.ધારૂકાવાળા મહિલા આર્ટસ કોલેજ બી.કોમ.ઇંગ્લીશ મીડીયમ એડીશનલ ડીવીઝન સેલ્ફ ફાઈનાન્સ (ફોર વિમેન્સ), સુરતના શૈ.વર્ષઃ ૨૦૨૧-૨૨ દરમિયાન તા.૧૪-૦૨-૨૦૨૨ થી ૨૦-૦૨-૨૦૨૨ દરમિયાન નાના વરાછા, મોટા વરાછા તેમજ પુણા વિસ્તારમાં સ્લમ વિસ્તારોમાં મોજણી કાર્યક્રમ (સરવે) હાથ ધારવામાં આવ્યો હતો.










## શ્રી જે.બી.ધારૂકાવાળા મહિલા આર્ટસ કોલેજ બી.કોમ. ઇંગ્લીશ મીડીયમ કોલેજ









# સર કે.પી.કોલેજ ઓફ કોમર્સ, સુરત

સર કે.પી.કોલેજ ઓફ કોમર્સ, સુરત ના વર્ષ : ૨૦૨૧-૨૨ દરમિયાન તા. ૨૫-૦૨-૨૦૨૨ થી ૦૩-૦૩-૨૦૨૨ તે ઉપરાંત બાકી રહેલા વિસ્તારો તા. ૦૭-૦૩-૨૦૨૨ થી તા. ૧૩-૦૩-૨૦૨૨ દરમિયાન સર્વે પૂરું કરવા માં આવ્યું. સાઉથ વેસ્ટ ઝોન ના ૩૪ વિસ્તારોનું સર્વેક્ષણ કરવામાં આવ્યું. ઉધના, રસુલાબાદ , ડીંડોલી, કતારગામ, અલથાણ, ભાઠેના, ભટાર, ડુમસ, તેમજ ઉમરા વગેરે સ્લમ વિસ્તારોમાં મોજણી કાર્યક્રમ (સર્વે) હાથ ધરવામાં આવ્યો હતો.












## સર કે.પી.કોલેજ ઓફ કોમર્સ, સુરત










## ઝેડ.એફ. વાડિયા વિમેન્સ કોલેજ, સુરત

૨૦૨૧-૨૨ ના વર્ષ દરમિયાન ઝેડ.એફ.વાડિયા વીમેન્સ કોલેજ અને એન.કે.મેહતા કોલેજ એન્ડ કોમર્સ ના એન.એસ.એસ વિભાગ દ્વારા કરવમાં આવેલ સાત દિવસના સ્લમ અરિયા કેમ્પ માટેની યાદીઃ

૭/૦૨/૨૦૨૨: ના રોજ સવારે ૮:૦૦ કલાકે કેમ્પસ માં મોટી સંખ્યામાં(૧૫૦) વિદ્યાર્થીનીઓ હાજર રહ્યા હતા. ત્યાર પછી એન.એસ.એસ. ની પ્રાથના કરવમાં આવી હતી. ત્યાર પછી પ્રોગ્રામ ઓફીસર એમ.ડી.દેસાઈ દ્વારા પાંચ ટીમ નીમવામાં આવી હતી.અને પાંચ ટીમ ના લીડર પણ નીમવામાં આવ્યા હતા.

ટીમ નંબર ૧ ની લીડર રાણા મોહિની હતી.આ ટીમ માં 30 જેટલી વિદ્યાર્થીની હતી. તા.૭/૦૨/૨૦૨૨ ના રોજ ટીમ નંબર ૧ ને સંજય નગર ૧ સોંપવામાં આવ્યું હતું. 30 વિદ્યાર્થીનીઓ દ્વારા સંજયનગર ૧ ના દરેક ઘરની યાદી યુનિવર્સીટીની લિંક દ્વારા લેવામાં આવી હતી.

દરેક ઘર ની પૂછતાછ દરમિયાન લોકોને મોટાભાગની એક જ સમસ્યા હતી કે એમના બાળકો શિષ્યવૃત્તિ થી વંચિત છે, સરકાર દ્વારા યોજાયેલી કેટલીક યોજનાઓનો લાભ પ્રાપ્ત થતો નથી. અને ત્યાના લોકો પાસે થી અમારી વિદ્યાર્થીનીઓને સારા એવા પ્રતિભાવ મળ્યા.

૮/૦૨/૨૦૨૨: ટીમ નંબર ૧ માંથી 30 જેટલી વિદ્યાર્થીનીઓ હતી જેમને તા.૮/૦૨/૨૦૨૨ ના રોજ હેગડે વસાહતઃ- ૨ સોંપવામાં આવ્યું હતું. આ વિસ્તાર માં ગંદકી નું પ્રમાણ વધારે હતું. અમારી વિદ્યાર્થીનીઓ દ્વારા પૂછતાછ દરમિયાન ત્યાના લોકોનો પ્રતિભાવ સારો એવો પ્રાપ્ત થયો પરંતુ પૂછતાછ દરમિયાન તેમની કેટલીક મુશ્કેલીઓ કીધી. જેમ કે, ગંદકી નું પ્રમાણ, રેસનકાર્ડના અનાજ થી વંચિત વગેરે પ્રશ્નો હતા.

અમારી 30 વિદ્યાર્થીનીઓ દ્વારા હેગડે વસાહત-૨ માં ૧૩૦ જેટલી ઘરની યાદી પ્રાપ્ત કરવામાં આવી હતી.










## ઝેડ.એફ. વાડિયા વિમેન્સ કોલેજ, સુરત

૯/૦૨/૨૨: ટીમ નંબર ૧ દ્વારા તા.૯/૦૨/૨૦૨૨ ના રોજ ૩૦ જેટલી વિદ્યાર્થીનીઓનેપંચશીલ નગર ૨ સોંપવામાં આવ્યું હતું. આ વિસ્તાર સૌથી ખરાબ હતો. ત્યાં સૌથી મોટી સંખ્યામાં વ્યશન નું પ્રમાણ હતું અને ગંદકી નું પ્રમાણ અતિશય હતું. પૂછતાછ દરમિયાન નિરક્ષરતા નું પ્રમાણ સૌથી વધારે હતી.

ત્યાં અમારી વિદ્યાર્થીનીઓ દ્વારા સડસઠ(૬૭) જેટલા ઘરો ની યાદી પ્રાપ્ત થઇ. ત્યાં અમને સારો એવો પ્રતિભાવ પ્રાપ્ત થયો નથી. અમારી વિદ્યાર્થીનીઓ દ્વારા પૂછવામાં આવેલ દરેક પ્રશ્નો નો સારો જવાબ પ્રાપ્ત થયો નથી. જેના કારણે ત્યાના ઘરો ની સંખ્યા ઓછી પ્રાપ્ત થઈ છે.

૧૦/૦૨/૨૦૨૨: ટીમ નંબર ૧ દ્વારા તા.૨૦/૦૨/૨૦૨૨ ના દિવસે અમારી ટીમ ને દસ્તાન નગર સોંપવામાં આવ્યું હતું. આમરી ટીમ દ્વારા દરેક ઘર ની પૂછતાછ દરમિયાન દરેક ઘર નો સારો એવો પ્રતિભાવ મળ્યો. ત્યાં ના લોકોએ અમારી વિદ્યાર્થીનીઓ દ્વારા પૂછેલા પ્રશ્નો નાં સારા જવાબો આપ્યા હતા.અમારી વિદ્યાર્થીનીઓ એ એક-એક ઘર દીઠ ૧૫-૧૫ મિનીટ લઇ યુનિવર્સીટીની લિંક દ્વારા પૂછવામાં આવેલ દરેક સવાલ ના જવાબ પ્રાપ્ત કર્યા.

અમારી વિદ્યાર્થીનીઓ દ્વારા દસ્તાન નગરમાં ૧૨૪ જેટલા ઘરો ની યાદી પ્રાપ્ત કરી.

૧૧/૦૨/૨૦૨૨:- ટીમ નંબર ૧ ને તા ૧૧/૦૨/૨૦૨૨ ના રોજ ૩૦ વિદ્યાર્થીનીઓ દ્વારા સ્લમ એરિયા તરીકે "ન્યુરણછોડનગર" સોંપવામાં આવ્યું હતું. આ વિસ્તારમાં સ્વચ્છતા નું પ્રમાણ પણ સારું હતું. લોકો સાક્ષર પણ હતા. પરંતુ સરકાર દ્વારા પ્રાપ્ત થતી યોજનાઓના લાભ થી વંચિત હતા.

આ ઉપરાંત વિધવાઓને સરકાર દ્વારા કોઈ સહાય પ્રાપ્ત થતી ન હતી. અને રેશન કાર્ડ દ્વારા આપવમાં આવતું અનાજ પણ પ્રાપ્ત થતું ન હતું. ત્યાં મોટા ભાગ ની સ્ત્રીઓ રોજગારી પ્રાપ્ત કરવા નાના એવા ઘરકામ કરતા હતા. દા.ત., ધાગા કટિંગ, સ્ટોન ચોટાડવા, અને સીલય કામ વગેરે.

૧૨/૦૨/૨૦૨૨ ટીમ નંબર ૧ દ્વારા તા. ૧૨/૦૨/૨૦૨૨ ના રોજ અમારી ટીમ ને એન.એસ.એસ. (NSS) ટીમના પ્રોગ્રામ ઓફિસર દ્વારા "નિવાસનગર" સોંપવામાં આવ્યું હતું. આ વિસ્તાર માં ગન્દ્રીનું પ્રમાણ નહતું. પરંતુ અમારી ટીમ દ્વારા પૂછવામાં આવેલ દરેક સવાલોનો જોઈએ એવો જવાબ પ્રાપ્ત થયો નથી. ત્યાના લોકો અમારી ટીમ ને સરકારી કર્મચારી સમજીને સારો એવો પ્રતિભાવ આપ્યો ન હતો. જેથી આ વિસ્તાર માં લોકોની મુશ્કેલીઓ અમારા સુધી આવી ના હતી. પરંતુ અમુક ઘરને પૂછવામાં આવેલા પ્રશ્નો દ્વારા અને એ લોકોનાં જવાબથી ખબર પડી કે ત્યાના લોકોમાં બિમારીનું પ્રમાણ છે. અને ત્યાના લોકોમાં સાક્ષરતાનું પ્રમાણ ઓછુ છે.

આમ અમારી ઝેડ.એફ.વાડિયા વીમેન્સની એન.એસ.એસ. ટીમ દ્વારા સાત દિવસના સ્લમ વિસ્તારની માહિતી પ્રાપ્ત કરી.









## એમ.ટી.બી.આર્ટસ કોલેજ, સુરત

એમ.ટી.બી આર્ટસ કોલેજ, સુરત દ્વારા તા.૦૫/૦૩/૨૦૨૨ થી ૧૦/૦૩/૨૦૨૨ સુધી તથા તા.૨૧/૦૩/૨૦૨૨ એ એનએસએસ યુનિટ દ્વારા સૂચિત "સ્લમ એરિયા સર્વેક્ષણ" કેમ્પનું આયોજન થયું હતું. યુનિવર્સિટી દ્વારા સંસ્થાને ફાળવેલ સુરત શહેરના ડીંડોલી, અલથાણ, ભટાર, રૂદરપુરા, વેસુ ગામતળ, ગવિયર ગામતળ, અડાજણના વિસ્તારોના સલામ એરિયાનું સર્વેક્ષણ કર્યું હતું. આ સર્વેક્ષણમાં કોલેજના ૬૫ જેટલા સ્વયંસેવકો/સેવિકાઓ જોડાયા હતા.











## એમ.ટી.બી.આર્ટસ કોલેજ, સુરત












## આર્ટસ, કોમર્સ એન્ડ સાયન્સ કોલેજ, ખોલવડ

શ્રી જે.એસ. ભક્તા & શ્રી કે.એમ. ભક્તા આર્ટસ શ્રી એ.એન. શાહ સાયન્સ એન્ડ શ્રી એન.એફ. શાહ કોમર્સ કોલેજ, ખોલવડના એનએસએસ યુનિટ દ્વારા પુનાગામ, વરાછા વિસ્તારના કુલ ૩૦૦૦ ઘરોનું સર્વે કાર્ય તા.૨૧/૦૨/૨૦૨૨ થી તા.૦૧/૦૩/૨૦૨૨ સુધીમાં પૂર્ણ કરવામાં આવેલ હતું.











## જે.ઝેડ. શાહ આર્ટસ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજ, સુરત

જે.ઝેડ. શાહ આર્ટસ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજ, સુરત ના એનએસએસ યુનિટ દ્વારા છાપરાભાઠા અને અમરોલી તથા વરીયાવના સ્લમ વિસ્તારના ઘરોનું સર્વે કાર્ય કરવામાં આવેલ હતું.











## જે.ઝેડ. શાહ આર્ટસ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજ, સુરત
















# શ્રી રામક્રિષ્ના ઇન્સ્ટીટયુટ ઓફ કોમ્પ્યુટર એજ્યુકેશન એન્ડ સાયન્સ, સુરત

શ્રી રામક્રિષ્ના ઇન્સ્ટીટયુટ ઓફ કોમ્પ્યુટર એજ્યુકેશન એન્ડ સાયન્સ, સુરતના એનએસએસ યુનિટ દ્વારા લિંબાયત અને રામનગરના સ્લમ વિસ્તારના ઘરોનું સર્વે કાર્ય કરવામાં આવેલ હતું.




## શ્રી રામક્રિષ્ના ઇન્સ્ટીટયુટ ઓફ કોમ્પ્યુટર એજ્યુકેશન એન્ડ સાયન્સ, સુરત



# શેઠ સી.ડી. બરફીવાલા કોમર્સ કોલેજ

શેઠ સી.ડી. બરફીવાલા કોમર્સ કોલેજના વિદ્યાર્થીઓ તરફથી સ્લમ એરિયાના સર્વે માટેની શરૂઆત કરવામાં આવી હતી. જેમાં કતારગામ, કુલપાડા ,કોસાડ, ઉતરાણ વગેરે વિસ્તારોમાં સર્વે કરવામાં આવ્યો હતો. જેમાં વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહભેર ભાગ લીધો હતો.











# શેઠ સી.ડી. બરફીવાલા કોમર્સ કોલેજ












## પ્રેસ કટ

# NSS વિભાગ દ્વારા સ્લમ વિસ્તારમાં સેવાકાર્ય

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના NSS વિભાગ દ્વારા ૩૫૬ સ્લમ વિસ્તારમાં NSS સંલગ્ન મહાવિદ્યાલયના સેવક-સેવિકાને વિવિધ પ્રશ્નોથી સ્થિતિ જાણવામાં આવી હતી.



સ્લમ વિસ્તારમાં બાળકોને શિક્ષા, શ્રમિક પરીવારના સભ્યોને સ્વાસ્થ્ય, સરકારની વિવિધ યોજના, મેડિકલ કેમ્પ સહિતની માહિતી હાલ આપવામાં આવી રહી છે.

# શ્રમિક વિસ્તારમાં કોલેજના વિદ્યાર્થીઓનું સેવાકાર્ય



અમરોલીમાં જીવનજ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ કોલેજ અને એચ.પી. દેસાઈ કોલેજના NSS યુનિટ દ્વારા છાપરાભાઠા અને વરિયાવના શ્રમિક વિસ્તારમાં બાળકોને શિક્ષા, પરિવારના સભ્યોનું સ્વાસ્થ્ય, સરકારની વિવિધ યોજના, મેડિકલની સુવિધા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જેમાં ૧૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

लोकतेज
epaper.loktej.com
18 Feb 2022 - Page 8

# रामकृण कॉलेज के एनएसएस स्वयंसेवकों द्वारा स्लम एरिया में सर्वे



**लोकतेज संवाददाता**

सूरत। श्री रामकृष्ण संस्थान के एनएसएस स्वयंसेवकों द्वारा सूरत के विभिन्न स्लम क्षेत्रों में लोगों की स्थिति और उनके सामने आने वाली कठिनाइयों पर एक सर्वेक्षण किया गया है।

वीर नर्मद दक्षिण गुजरात विश्वविद्यालय द्वारा किए जा रहे सर्वेक्षण में रामकृष्ण की एनएनएस इकाई के स्वयंसेवक भी शामिल हुए। लिंबायत मीठीखाड़ी क्षेत्र में रावनगर, क्रांतिनगर, नूरानी मस्जिद जैसी मलिन बस्तियों में करीब 50 छात्रों की टीम ने घर-घर जाकर सर्वे किया। लोगों की मुश्किलों और असुविधाओं के बारे में 40 अलग-अलग सवाल पूछकर सर्वे किया गया. इस सर्वे में आधुनिक तकनीक का इस्तेमाल किया गया है। मोबाइल पर गूगल फॉर्म के जरिए फॉर्म भरकर काम किया जाता था। यह काम लगातार कई दिनों तक किया जाता था। संस्था के एनएसएस पदाधिकारी डॉ. संगीता भट्ट व डॉ. मीनल वंसिया विद्यार्थियों के साथ लगातार उपस्थित रहकर ने उनका मार्गदर्शन किया।

# NSS વિભાગ દ્વારા સ્લમ વિસ્તારનો સર્વે



રામકૃષ્ણ ઈન્સ્ટિટ્યુટના NSS વિભાગના સ્વયંમસેવકો દ્વારા વિવિધ વિસ્તારનો સર્વે કરવામાઆં આવ્યો હતો. જેમાં ૫૦ જેટલા વિદ્યાર્થીઓએ લીંબાયતના રાવનગર, ક્રાંતિનગર, નૂરાની મસ્જિદ સહિતના વિસ્તારમાં સર્વે કરી વિવિધ સમસ્યા જાણી હતી.

**પ્રેસ કટ**

### शहर के 150 झोपड़पट्टियों में जाकर दस्तावेजों की जानकारी जुटा रहे छात्र

# एनएसएस के 2500 छात्र कर रहे सर्वे, लोगों को सरकारी दस्तावेज उपलब्ध करवाएंगे

एजुकेशन रिपोर्टर | सूरत

वीर नर्मद दक्षिण गुजरात यूनिवर्सिटी के एनएसएस के छात्रों ने एक अभियान शुरू किया है। छात्र लोगों को सरकारी लाभ दिलाने और सरकारी दस्तावेजों के बारे में जानकारी जुटा रहे हैं। इसमें लोगों के पास भौतिक सुविधाएं है या नहीं और यदि नहीं है तो क्यों नहीं है इसकी जानकारी भी जुटाई जा रही है। इसके बाद इस पर छात्र ही इसका समाधान करने का प्रयास करेंगे और जरूरत हुई तो सरकार तक भी बात पहुंचाई जाएगी। सूरत के 2500 छात्र इस सर्वे में जुटे हैं। इसमें अलग-अलग कॉलेजों के एनएसएस छात्र 150 झोपड़पट्टियों में जाकर जानकारी जुटा रहे हैं। छात्र लोगों से के पास आधारकार्ड, मां कार्ड, वोटरआईडी और घर में टॉयलेट-बाथरूम संबंधित जानकारी मांग रहे हैं।



सर्वे में जानकारी मांग रहे एनएसएस के छात्र।

## शिविर लगाकर करेंगे समस्या का समाधान

पूरी जानकारी जुटाने के बाद छात्र अलग-अलग सोसाइटी निर्धारित करेंगे और किसी का कोई दस्तावेज बाकी है तो उसके लिए कैंप लगाया जाएगा। साथ ही किसी को सरकारी योजना का लाभ नहीं मिल रहा है तो उसके दस्तावेज जमा कर योजनाओं का लाभ दिलवाया जाएगा।

*यूनिवर्सिटी के कुलपति किशोर चावड़ा ने इसकी मंजूरी दी है कि शहर में रह रहे लोगों की समस्याओं का निवारण के लिए युवा काम आ सकते हैं और युवाओं का सही इस्तेमाल किया जा सकता है, इसलिए इस प्रक्रिया के तहत काम किया जा रहा है।*

– प्रकाश चंद्र, प्रभारी, एनएसएस

# SURAT DISTRICT

| | | | |
|---|---|---|---|
| 1. | P.T.Sarvajanik College Of Science, M.T.B. College Campus, Jawaharlal Nehru Marg, Athwalines Surat-395001 | 2. | M.T.B Arts College, Jawaharlal Nehru Marg, Athwalines Surat-395001 |
| 3. | Sir K.P. College of Commerce,Dr. R.K.Desai Marg,Opp. Mission Hospital,Athwalines, Surat-395001 | 4. | Z.F.wadia Womens Arts And Commers College. Jawaharlal Nehru Marg, AthwalinesSurat-395001 |
| 5. | Sheth C.D.Barfiwala Commerce College, Sahyog Society, Sumul Dairy Road, Surat-395008 | 6. | Navyug Commerce College,Morarji Desai Shaikshanik Sankul, Rander Road, Surat-395005 |
| 7. | Navyug Science College, Morarji desai Educational Complex, Rander Road, Surat-395005 | 8. | Navyug Arts College, Morarji desai Educational Complex, Rander Road, Surat-395005 |
| 9. | S.P.B.English Medium Commerce College, V.T.Choksi Campus, Near Lal Bangalow, Athwalines,Surat-395001 | 10. | Akhand Anand Arts And Commerce College, Ved Road, Surat-395004 |
| 11. | J.B.Dharukawala Mahila Arts College, Shri Swami Aatmanand Sarsvati Vidhya Sankul, Varacha Road,Surat-395006 | 12. | Seth P.T.Mahila College Of Arts And Home Science, Vanita Vishram,Athwalines ,Surat-3995001 |
| 13. | Thi Patidar Jin Science College, Sardar Baug,Station Road,Bardoli-394602 Surat | 14. | Shri J.S.Bhkta And Shri K.M Bhkta Arts And Shri A.N.Shah Science And Shri N.F.Shah Comerce College,Kholwad-Navagam, Kamrej Chaar Rasta,Kamrej-364185,Surat |
| 15. | B.B.Avichad Arts And Commerce College,Mandvi ,Surat | 16. | P.R.B. An P.G.R. Commerce College, Sardar Bag, Bardoli-394602, Surat |
| 17. | J.Z.Shah Arts And H.P.Desai Commerce College, At. & Post Amroli, Station:Utran (W.R.), Ta.Choryasi, Dist. Surat-394107 | 18. | Shri Surat Sahkari Bank Commerce College And Shri Sayan Sahkari Khand Udhyog Arts College, Hathisa Road, ta.Olpad, Dist. Surat Olpad-395540. |
| 19. | Govt. Arts And Commerce College,At. Kachal, Po. Karcheliya, Ta. Mahuva-394240,Dist.Surat | 20. | Govt. Commerce College,Umargoat, Umarpada, Surat |
| 21. | Shri Atal Bihari Vajpayee Govt. Arts And Commerce College, Biside GETCO Sub Station, Vankal-Zankhav Road, At-Po. Vankal, Ta.Mangrol, Dist.Surat-394430 | | |

# TAPI DISTRICT

| | | | |
|---|---|---|---|
| 22. | Smt R.P.Chauhan And Smt J.K.Shah And Shri K.D.Shah Commerce College. Surat-Dhulia, N.H.:-6A Vyara-394650. Tapi | 23. | Samaj Seva Mahavidhlyaya, Vedchi-394641 Valod, Dist.Tapi |
| 24. | Govt.Science College,Valod-Bardoli Road, Ta.Valod, Dist. Tapi-394640 | 25. | Shri S.G. Patel Arts And Shri P.K. Desai Commerce College,Near Sumul Chilling Center, At. & Post Nizar-394370, Dist.Tapi. |
| 26 | Govt Arts And Commerce College,In Building Sarvajnik Highschool, Songadh, Fort-Songadh , Dist. Tapi-394670 | 27. | M.R.D Arts And Commerce College, Buhari(Virpor) Valod ,Surat |
| 28. | Govt Mahila Arts College, Uchchal,Ta.Uchchal-394375, Dist,Tapi | | |

# BHARUCH DISTRICT

| | | | |
|---|---|---|---|
| 29. | Shri M.K. College Of Commerce, Old National HighWay No.-08, Behind Railway Station, Bharuch-392001 | 30. | Narmada College Of Commerce And Science College,Shuklatirth Road, At. & Post, Zadeshwar, Dist. Bharuch-392011 |
| 31. | Shri Thakorbhai Patel Arts And Commerce College Ankleshwar, Bharuch | 32. | Shri Jayendrapuri Arts And Science College, Old National HighWay No.-08, College Road, College Campus, Bharuch-392001. |
| 33. | Shri Rang Navchetan Mahila College, Shri Rang Navchetan Commerce College,At. & Post. Valia, Dist.Bharuch-393135. | 34. | J,M,Shah Arts And Commerce College, Jivallal Shah Marg, Tankari Bhagol, College Campus At.& Post Jambusar-392120 Dist. Bharuch. |
| 35. | To,<br>The Principal,<br>Shri Ambalal Laalbhai Jibhai Patel And Shri Desibhai Jadavbhai Arts And Commerce College, Sarbhan Aamod,Bharuch | 36. | Govt.Arts And Commerce College, At. & Post Netrang, Ta. Valia, Dist.Bharuch-393130. |
| 37. | Govt.Arts College, Jaghadiya, Sarsvati Vidhyamandir, Sultanpura Zaghdiya,At. & Post- Ranipura, Ta- Jaghadiya-393110, Dist.Bharuch | 38. | Nootan Graan Vidhyapith,At.& Post.Thava, Ta. Netrang, Dist. Bharuch-393130 |

# NARMADA DISTRICT

| | | | |
|---|---|---|---|
| 39. | Shri M.R.Arts And Science College,Palace Road Rajpipla Ta. Nandod, Dist. Narmada-393145, Rajpipla | 40. | Govt. Arts And Commerce College, Dediyapada. Dist.Narmada |
| 41. | Govt.Arts College, Sagbara | | |

# VALSAD DISTRICT

| | | | |
|---|---|---|---|
| 51. | B.K.M. Science College,Dr.Mongabhai Vidya Sankul, Shri Morarji Nagar, Tithal Road, Post Box No.:89,Valsad-396001 | 52. | Shah N. H. Commerce College, Vidya Sankul, Shri Morarji Nagar, College Campus, Tithal Road,Valsad-396001 |
| 53. | Smt J. P. Shroff Arts College, Dr.Mongabhai Vidya Sankul, Shri Morarji Nagar,Post Box No.:63, College Campus,Tithal Road,Valsad-396001 Dist. Valsad | 54. | Smt C. D. J. Arts And Smt I.S.R.A. Rofel Commerce College, “Rofel Campus”, Vapi Namdha Road, P.B.No.67, Vapi (west)-396191,Dist. Valsad |
| 55. | Shree Vanraj Arts And Commerce College,Lal Dungri, Rajiv Nagar, At & Posy - Bamti,Dharampur-396050.Dist. Valsad | 56. | Shree J. P. Pardiwala Arts And Commerce College,Station Road, Balakhadi,Killapardi-396125.Dist. Valsad |
| 57. | Vanseva Mahavidhyalaya Bilpudi-396068, Ta. Dharamour, Dist. Valsad | 58. | Mumbadevi Arts And Sagunibai Commerce College,At.& Post. Motapondha, Via. Vapi, Tal.Kaparada, Dist. Valsad-396191. |
| 59. | Govt. Arts And Commerce College,Zaroli Mission Road, Nr.ITI, Bhilad (East)Ta. Umargaam, Dist.Valsad-396105. | 60. | Govt. Science College, ,Zaroli Mission Road, Nr.ITI, Bhilad (East)Ta. Umargaam, Dist.Valsad-396105. |
| 61. | Govt. Science College,On Mamlatdar Office, On National Highway, No.8,Damni Zampa Road, Ta Killa Pardi, Dist. Valsad-396125. | 62. | Govt. Arts College, At.& Post Kaprada,Nasik Road, Near R.T.O. Check-Post Kaprada-396065, Ta. Kaprada, Dist. Valsad |

# DANG DISTRICT

| | | | |
|---|---|---|---|
| 63. | Govt. Arts And Commerce College,Mission Compound,Ahwa-394710 Dist. Dang | 64 | Govt. Science College,Near Civil Hospital, Govt, High School Road, Besides ITI, College Campus,Ahwa-394710 Ta. Ahwa, Dist. Dang |

# ANAND DISTRICT

| | |
|---|---|
| 65. | Shree I. K. Chavada Gram Vidhyapith, Kahaanvadi,At.& Post. Kahanwadi-173,Ta. Aanklav-388307 Dist. Anand |

# CHHOTAUDEPUR DISTRICT

| | |
|---|---|
| 66. | Mangal Bharti Lokshikshan And Krushi Mahavidhyalaya, Po. Golagamadi, Ta. Sankheda, Dist. Chhotaudepur |

# SELF FINANCE COLLEGES

| | | | |
|---|---|---|---|
| 67. | S. D. Jain International School, Plot No. 166, Opp.Diamond Institute, Behind Someshwara Bungalows, Vesu, Surat – 395007 | 68. | V. B. Shah Institute Of Management, “Saraswati Shaikshanik Sankul”, Chhapra Bhatha Road, Amroli, Surat-394107 |
| 69. | Shree Ram Krishna Institute Of Computer Education And Applied Science , AthwaLines, Surat | 70. | Shree J. D. Ghabani College And Shree Swami Atmanand Saraswati College Of Management, Shree Swami Atmanand Saraswati Vidhyasankul, Kapodara,Varachha Road, Surat-395006 |
| 71. | Bio-Technology Department, V. N. S. G. U., Udhana Magdalla Road,Surat-395007 | 72. | Vimal Tormal Podar Commerce College, Bhedwaad, Pandesara,Surat-394220 |
| 73. | Deepjyoti College Of Commerece, Tapovan Campus, Sardar Bridge, Zadeshwar, Bharuch-392011 | 74. | Shree Narmada Gram Vidhyapith,Po. Mangrol, Ta. Nandod, Dist. Narmada. |
| 75. | Sandra Shroff Rofel College Of Nursing, Plot No.14/5, Box No. 125, G. I. D. C., Vaapi- 396195 Dist. Valsad. | 76. | Shreemad Rajchandra Vidhyapith, Kangavi Road, Karanjveri, Dharampur-396051 Dist. Valsad. |
| 77. | K. B. S. Commerce And Nataraj Professional Science College, Silvasa Road, Vapi-396195 | | |

Publish by :

# NSS OFFICE

## Veer Narmad South Gujarat University

Opp G.D. Goenka International School,
New City Light Canal Road, Surat, Gujarat
E-mail : nss@vnsgu.ac.in

